**ફો.કેસ નં. –૭૩૪૨/૨૦૨૦**

**પ્રોહી. કલમ – ૬૬(૧)(બી) તથા ૮૫(૧)(૩) મુજબના ગુનાના કામે આરોપી રહીમભાઈ અયુબભાઈ ખલીફાની ડીસ્ચાર્જ અરજી લગત હુકમ.**

(૧) સદર કામે ડીસ્ચાર્જ અરજી તથા રજુ તમામ કેસ પેપર્સ વંચાણે લીધા. સદર કામે આરોપી તરફે વિ. વકીલશ્રીને સાંભળ્યા. તથા સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આ કામે સદર અરજી આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ – ૬૬(૧)(બી) તેમજ કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુન્હાનો આરોપ છે જે સબબ કલમ – ૮૫(૧)(૩) મુજબના આરોપ લગત ડીસ્ચાર્જની અરજી હાલ આરોપી તરફથી દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી મારફત દલીલ કરવામાં આવેલ છે કે, સદર ગુનાના કામે આરોપી સામે કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુનાનો આરોપ હોય જે તમામ રેકર્ડ વંચાણે લેતા કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુનાના કોઈપણ તત્વ બની આવતા નથી. છતા પણ આરોપી સામે ખોટી રીતે કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુનાનો આરોપ કરવામાં આવેલ છે. જે જોતા સદર કલમ પુરતો ગુનો બનતો ન હોય તથા ફોર્મ – સી બ્લડ કલેકટ કરવાના ૭ દિવસ બાદ ફોરેન્સીક લેબોરેટરી ખાતે મળેલ હોય જેથી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ) ના રૂલ – ૪ મુજબની મેન્ડેટરી જોગવાઈનું પાલન થતુ ન હોય જેથી સી.આર.પી.સી. કલમ – ૨૩૯ મુજબ ગુનો ડીસ્ચાર્જ થવા પાત્ર છે. જેથી સદર ગુનો ડીસ્ચાર્જ કરવાની રજુઆત આ અરજીથી આરોપીએ કરેલ છે.

(૩) સરકાર પક્ષે વિ. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપી સામે પ્રોહી. કલમ – ૬૬(૧)(બી) તેમજ ૮૫(૧)(૩) મુજબનો ગંભીર પ્ર

કારનો ગુન્હાનો આરોપ છે. ચાર્જશીટ વંચાણે લેતા કલમ – ૬૬(૧)(બી) તેમજ ૮૫(૧)(૩) મુજબ ગુનો બનતો હોય તેવા તમામ તત્વો આરોપી સામે બની આવે છે. તેમજ હાલના કામે ગુનાના તત્વો બનતા હોય જેથી ટ્રાયલ ચલાવવી એ ન્યાયના હીતમાં જણાય આવે છે. તેમજ ચાર્જશીટ વંચાણે લેતા ગુનાની ટ્રાયલ ચલાવવા લાયક પુરતો પુરાવો બની આવતો હોય જેથી પણ હાલના કામે ટ્રાયલ ચલાવવી એ યોગ્ય અને કાયદા મુજબની જણાય આવતી હોય જેથી આરોપીને હાલની અરજી સબબ ડીસ્ચાર્જ કરવો અયોગ્ય જણાતો હોય. જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે બન્ને પક્ષકારોની દલીલને ધ્યાને લેતા અને તમામ કેસ પેપર્સ ધ્યાને લીધા. આરોપીએ પ્રોહી એકટ કલમ – ૮૫(૧)(૩) મુજબની ડીસ્ચાર્જ અરજી કરેલ છે. જે કલમ નીચે મુજબ છે.

85. Penalty for being drunk and for disoderly behaviour. - [(1) Whoever, in any street, throughfare, public place, in any palce to which the public have or are permitted to have access, is drunk and creates nuisance, takes up a quarrel with any person, uses foul or abusive language, indulges in fight with others, misbehaves with any woman or behaves obscenely, shall, on conviction, be punshed with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year and with fine.]

જે કલમ વંચાણે લઈએ તો કલમ – ૮૫(૧)(૩) મુજબનો ગુનો બનવા માટે આરોપીએ પીધેલી હાલતમાં જાહેર સ્થળે ઉપદ્રવ, મારામારી, ગાળાગાળી કે પછી કોઈ મહીલા સાથે અભદ્ર વર્તન કે છેડતી કરવી જરૂરી છે. હાલ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો આરોપીએ પીધેલી હાલતમાં કલમ – ૮૫(૧)(૩) માં જણાવ્યા મુજબ કોઈપણ જાહેર

સ્થળે ઉપદ્રવ, મારામારી, ગાળાગાળી કે પછી કોઈ મહીલા સાથે અભદ્ર વર્તન કે છેડતી કરેલ હોય તેવી હકીકત પ્રોશીકયુશનના કેસ મુજબ જણાય આવતી નથી. વધુમાં કલમ – ૬૬(૧)(બી) સંદર્ભે હાલના કામે ૭ દિવસ બાદ બ્લડ ફીયાલ મળેલ હોય તેમ જણાય આવતુ નથી, તથા બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ) ના રૂલ – ૪ મુજબની મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ છે.

(૫) હાલના કામે ડીસ્ચાર્જ સબંધે નામ. સર્વોચ્ચ અદાલતે યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી –વિ– સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૮(૧૦) એ.સી.સી. ૩૯૪ મુજબના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The decision to discharge an accused is to be based on consideration whether prosecution has made out a case for trial and not on consideration whether trial will and in conviction." ઉપરોકત સિધ્ધાંતને હાલના કેસની હકીકતો સંદર્ભે ધ્યાને લઈએ તો હાલના કેસની હકીકતોમાં કયાંય પણ આરોપી વિરૂધ્ધ કલમ – ૮૫(૧)(૩) મુજબના તત્વો બનતા હોય તેવું પ્રથમ દર્શનીય રીતે પણ જણાય આવતુ નથી તેમ છતા આરોપી વિરૂધ્ધ કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુનાની તહોમત ચાર્જશીટ કરતા સમયે મુકવામાં આવેલ છે. જેથી હાલનો કેસ આરોપીને કલમ – ૮૫(૧)(૩) મુજબ ડીસ્ચાર્જ કરવા માટે યોગ્ય હોય તેવુ અત્રેની અદાલતનું વિનમ્રપણે માનવુ છે. પરંતુ કલમ – ૬૬(૧)(બી) સંદર્ભે ફોર્મ – સી વંચાણે લેતા બ્લડ ફીયાલ તા.<u>૧૪/૯/૨૦૧૯</u> થી કલેકટ કરવામાં આવેલ છે જે તા.<u>૩/૧૦/૨૦૧૯</u> ના રોજ એફ.એસ.એલ. ખાતે મળવા પામેલ છે જે સાત દિવસ કરતા વધારે હોય જેથી પ્રોહી કલમ – ૬૬(૧)(બી) તથા ૮૫(૧)(૩) મુજબનો ગુનાના કામે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ) ના રૂલ – ૪ મુજબ જોગવાઈનું પાલન થયેલ ન હોય જેથી કલમ – ૬૬(૧)(બી) તથા ૮૫(૧)(૩) પુરતો ગુનો આગળ

ચલાવવા યોગ્ય જણાય આવતું નથી. ઉપરોકત તમામ હકીકતો તેમજ કાયદાને ધ્યાને લઈ ન્યાયના હીતમાં સી.આર.પી.સી. કલમ – ૨૩૯ હેઠળની ડીસ્ચાર્જ અંગેની સત્તાનો ઉપયોગ કરવો હાલના કામે ન્યાયોચીત જણાય આવતો હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આથી હાલના કામે આરોપીને પ્રોહી એકટ કલમ – ૬૬(૧)(બી) તથા ૮૫ મુજબ બીન તહોમત છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૧ માહે – ફેબ્રુઆરી, સને–૨૦૨૩ના રોજ જાહેર કર્યો.

રાજકોટ
તા. ૧૧/૦૨/૨૦૨૩

( એ.એમ.ઓઝા )
૬ઠા જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક.,
રાજકોટ